# ગુજરાતી સાહિત્ય સરિતા

# Gujarati Sahitya Sarita

અંક: ૮

તારીખ: ૧/૧૬/૨૦૧૦

રજૂકર્તાઃ ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન

વેબસાઈટ: [http://gujaratisahityasarita.org](http://gujaratisahityasarita.org)

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ..... 2
ગુજરાતી શબ્દ સ્પર્ધા યોજીને ગુજરાતી સાહિત્ય સરિતા એ ઉજવી ૧૦૦મી બેઠક – અહેવાલ:પ્રવિણાબેન કડકીયા ..... 3
ગુજરાતી શબ્દ સ્પર્ધા માટે જરુરી શબ્દભંડોળ માટેનો પ્રોગ્રામ – વિશાલ મોણપરા ..... 5
સમયના સોપાન - પ્રદીપ બ્રહ્મભટ્ટ ..... 6
કમ્પ્યુટર– પ્રવિણા કડકીયા ..... 7
સમજાવું –સરયુ પરીખ ..... 8
કહેવતો અને રૂઢિ પ્રયોગો શૈલા મુન્શા ..... 9
"શબ્દોને પાલવડે" ની દિવ્યભાસ્કરે લીધી નોંધ-વિજય શાહ ..... 17
"શબ્દોને પાલવડે" ને મળતા શુભાશિષ ..... 18
ઘટના-ડો ઇન્દુ શાહ ..... 19
"ભાવિનું ચિત્ર."- ગીરીશ દેસાઇ ..... 21
કેવો કૃપાળુ છે ભગવાન ! ગીરીશ દેસાઇ ..... 21
ઢળી મૂછો, પડ્યા લીંબુ ! –'મનુજ' હ્યુસ્તોનવી ..... 22

# ગુજરાતી શબ્દ સ્પર્ધા યોજીને ગુજરાતી સાહિત્ય સરિતા એ ઉજવી ૧૦૦મી બેઠક – અહેવાલ:પ્રવિણાબેન કડકીયા

હેમાબેન પટેલનાં આમંત્રણ થી તા.૨૭ ડીસેમ્બર ૨૦૦૯ ની બેઠક બપોરે ૩ વાગ્યાથી યોજાઇ. ગણપતિસ્તુતિ સાથે હેમાબેને બેઠક શરુ કરી અને સર્વ સરિતા સભ્યોને મીઠેરો આવકાર આપ્યો. પ્રવિણાબેન કડકીયાએ નવ વર્ષને તે બેઠક્નો વિષય બતાવી સભા સંચાલન વિજય શાહને સોંપ્યું. વિજય શાહે સહુને જણાવ્યું  કે 'આજે આ ૧૦૦મી સભા છે.' સભ્યોએ વાતને તાળીઓથી વધાવી ખુશી પ્રગટ કરી.  વિજયભાઈએ સુંદર રીતે ગુ.સા.સ. નો અહેવાલ અને પ્રગતિના સોપાન રજુ કર્યા. દેવિકાબેન ધ્રુવનું શબ્દોને પાલવડેનાં વિમોચન બાદ તેમના પુસ્તક્ને મળેલ આશિર્વાદ અને દિવ્યભાસ્કર ના રાજુલ બહેન શાહે લીધેલી નોંધને સૌએ આનંદ થી વધાવી.

ચાલુ વર્ષે ગુજરાતી સાહિત્ય સરિતાનાં બે કવિ મિત્રોએ પોતાની કલમ પ્રથમ વખતે શબ્દ દેહે મુકી. સ્વ.મહમદ અલી પરમાર “સુફી”( આધ્યાત્મિક કાવ્યો ) અને દેવિકાબેન ધ્રુવ ( શબ્દોને પાલવડે). બન્ને કૃતિઓને સાહિત્યીક વર્તુળોમાં સારો આવકાર મળ્યો.સદા બહાર પ્રો. સુમન અજમેરી આ વર્ષે ૮ જેટલા પુસ્તકો લાવ્યા અને રોટરીક રાઇટર સર્જક બની રહ્યા.

હાજર રહેલા સહુએ વિજયભાઈની 'શબ્દાક્ષરી અને શબ્દ સ્પર્ધા' રમવાની વાત સહર્ષ વધાવી લીધી. સ્પર્ધાની શરૂઆત અંતકડીની માફક થઈ. દરેક જણાએ ૧૦ શબ્દો કહ્યા  અને તેની કાગળ પર નોંધ કરી. આ હતી શબ્દક્ષરી જેમા દરેક શબ્દનાં અંત એ આવેલા શબ્દો પર નવા શબ્દો બોલવાના હતા. ‘ર’ રમેશ    ઇને બહુ હેરાન કરતો હતો જ્યારે “ટ” અને “ઠ” દીપક્ભાઇને બહુ કઠ્યા.

વિશાલ મોણપરાની હાજરી દરેકને ખૂબ ગમી. તેણે કમપ્યુટર પર રમતની સુંદર તૈયારી કરી હતી.  ભેજાને કસરત કરવી પડે તેવા હાલ હતા. છતાંય દરેકને રમત રમવામાં ખૂબ આનંદ આવ્યો.   હવે કામ પડ્યું આપણા રસેશભાઈનું. ખૂબ જવાબદારી પૂર્વકનું કામ હ્તું.  તેમણે દરેકના શબ્દતપાસી ગુણાંક લખવાના હતા. જ્યારે રસેશભાઈ દરેકના શબ્દો તપાસી રહ્યા હતા, ત્યારે વિજયભાઈએ સભાનો દોર ચાલુ રાખ્યો.

પ્રવિણાબહેનને નવા વર્ષ પર કાવ્ય પ્રસ્તુત કરવા જણાવ્યું. આપણી ગુ. સા. સ.નો તો જન્મ પણ થયો ન હતો. ૧૯૯૯માં જ્યારે Y2K ની ચર્ચા સમસ્ત વિશ્વમાં ઉહપોહ મચાવી રહી હતી તે સમયે લખેલું તેમનું કાવ્ય પ્રસ્તુત કર્યું. સભ્યોએ રસપુર્વક સાંભળી આનંદ માણ્યો. મુ. સુમન અજમેરીએ તેમાની બે પંક્તિ ખૂબ સુંદર છે કહી બિરદાવ્યું. તે સમય દરમ્યાન રસેશભાઈએ કાર્ય સમાપ્ત કર્યું.  અંક પધ્ધતિ બહુ સરળ હતી દરેક શબ્દનાં અક્ષરોનો એક ગુણ હતો જેમા કોમ્પ્યુટર જે રીતે સમજે તેમ કાનો માત્રા અને હ્સ્વ દીર્ઘ પણ એક કેરેક્ટર ગણી ને માર્ક અપાયા હતા પ્રથમ ૮ વિજેતાઓને શબ્દ સ્પર્ધાના બીજા તબક્ક્કામાં નવા દસ શબ્દો પુછવાના હતા અને ૪ સભ્યની એક ટુકડી એમ બે ટુકડી સામસામી રમવા માટે તૈયાર થઇ.

૧. શૈલા મુન્શા, હેમા પટેલ, રીટા કોઠારી, પ્રવિણા કડકિઆ.

૨. પ્રફુલ્લા પટેલ, પ્રશાંત મુન્શા, કાંતીભાઈ શાહ અને ડો. રમેશ શાહ.

એક એક ખેલાડી જુથમાંથી લઈ વિશાલે ૧૦ શબ્દોના અર્થ પૂછ્યા. ઘણા શબ્દો જીવનમા પહેલી વાર સાંભળવા મળ્યા હતા. રમનાર તથા નિહાળનાર સહુનો ઉત્સાહ અનેરો હતો. બંને પક્ષે સરખા ગુણાંક મેળવ્યા. તેથી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

૧ ખેલાડી પસંદ કરી ૩ શબ્દના અર્થ જણાવવાનું સુચન કર્યું. જેમા પ્રશાંતભાઈ તથા પ્રવિણા બહેનને પ્રાપ્ત થયું. બીજો ખેલાડી પસંદ થયા અને અંતે ચાર સહેલીઓ વાળા જુથને વિજેતા જાહેર કરાયા. શબ્દ સ્પર્ધાનો લહાવો સહુએ પ્રેમથી માણ્યો. એ દરમ્યાન ચા અને કોફી તૈયાર થઈ ગયા હતા તેથી દરેકે નાસ્તાપાણીને ન્યાય આપવો એમ નક્કી કરી વિરામ પાડ્યો. હેમા બહેનના ભાણેજવહુ મેધા બહેને ખુબ સુંદર ચા તથા કોફી બનાવ્યા હતા. નાસ્તાપાણીની લહેજત દરેકે માણી અને સભાનો દોર ફરીથી ચાલુ થયો. તે દરમ્યાન મનોજભાઇ અને કલ્પનાબેન મહેતા  આવ્યા અને જોડાયા.

મુ. સુમન અજમેરીએ સુંદર કૃતિ રજુ કરી જે શાર્દુલવિક્રિડિત છંદમા હતી. મનોજભાઈએ તે રાગમા ગાઈ બધાને મુગ્ધ કર્યા. પૂ ધીરૂકાકાએ તેમની શૈલીમાં સુંદર રજુઆત કરી. સુરેશભાઈએ નાનું સરખું નવા વર્ષ પરનું લખાણ વાંચી સંભળાવ્યું. સહુના ચહેતા નવિનભાઈ બેંકરની ૪૦ વર્ષ પહેલા પ્રગટ થયેલ નવલીકા સંગ્રહ “ પરાઇ ડાળનું પંખી” પુસ્તક નિહાળી સહુ ખુશ થયા. સ્ત્રી, સવિતા અને બીજા પ્રકાશનોમાં તેમની વાર્તા નિયમિત છપાતી. તેમાંની કેટલીક વાર્તાને વિવિધ વાર્તા સ્પર્ધાઓમાં પુરસ્કાર પણ પ્રાપ્ત થયા હતા. હવે તેઓની લખવાની આદત ઓછી થઈ ગઈ છે કિંતુ આપણા વર્તુળમા એ સહુથી જુના પ્રસિધ્ધ લેખક પૂરવાર થયા જેનો આપણને ગર્વ છે.. અશોકભાઈએ તો ત્યાં બેસીને જ લખ્યું અને પ્રસ્તુત કરીને સહુને ખુશ કરી દીધા. રસેશભાઈની રચના ખૂબ સુંદર હતી. જીતુભાઈ તન્નાએ થોડા સત્સંગનો લહાવો અર્પ્યો.

આવનારી બેઠક્નો અછ્ડ તો અંદાજ અતુલભાઇ કોઠારીએ આપ્યો જે ૩૦ જાન્યુઆરીએ ગાંધી લાઇબ્રેરીનાં કાર્યક્રમ સાથે થશે અને તે સમયે સભ્યોએ મોટા પ્રમાણમાં હાજરી આપી તેને સફળતાથી ઉજવવાની છે વધુ વિગતો ટુંક સમયમાં અપાશે. ફેબ્રુઆરી મહીનાની બેઠક માટે પ્રફુલ્લાબેન પટેલનું આમંત્રણ છે.ન્યુ જર્સી થી આવતા મહેમાનો સાથે તારીખ જાણી સૌને જાણ થશે અને માર્ચ મહિનો આદિલ મન્સુરી સ્મૃતિ દિન તરીકે મનોજ્ભાઇ મહેતાને ત્યાં ઉજવાશે.જ્યારે આદિલ મન્સુરીનાં જીવન અને કાર્યકાળ વિશે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયુ છે.

# ગુજરાતી શબ્દ સ્પર્ધા માટે જરુરી શબ્દભંડોળ માટેનો પ્રોગ્રામ – વિશાલ મોણપરા

અત્યાર સુધી આપે ગુજરાતી શબ્દ સ્પર્ધા માટે વિજયભાઇ પાસેથી ઘણું જ માર્ગદર્શન મેળવ્યું. આ માર્ગદર્શન હેઠળ આપને જો આપના શહેરમાં કે આપના વિસ્તારમાં જો ગુજરાતી શબ્દ સ્પર્ધા યોજવી હોય તો આપના માટે ગુજરાતી શબ્દ મેળવવા માટે એક નાનકડો પ્રોગ્રામ અહીં ઊપલબ્ધ છે. આ પ્રોગ્રામ MS Access માં છે. તેમાં મુખ્યત્વે બે પ્રકારના શબ્દો છે. ૧. રોજબરોજ વપરાતાં સાદા શબ્દો ૨. કઠિન શબ્દો. લગભગ ૭૫,૦૦૦ શબ્દોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આપ જ્યારે આ પ્રોગ્રામ ચાલુ કરશો કે તેમાં એક નાનકડું ફોર્મ આવશે તેમાં આપને કેટલાં સહેલાં અને કેટલાં અઘરાં શબ્દો જોઇએ છીએ તે આંકડાં લખો અને ત્યાર બાદ "Show List" બટન દબાવશો એટલે આપે પસંદ કરેલાં શબ્દો તેમના વિભાગમાંથી પસંદ થઇને આવશે. જો આપ ફરી આ બટન દબાવશો તો નવા શબ્દો પસંદ થઇને આવશે. તેથી જો આપ શબ્દ સ્પર્ધા યોજવા ઇચ્છતા હો તો દરેક વ્યક્તિને અલગ શબ્દો મળી શકે છે. ઉપરાંત સ્પર્ધકની ઉંમર પ્રમાણે આપ સહેલા/અઘરાં શબ્દો વધારે/ઓછા પ્રમાણમાં આપી શકો છો. આ પ્રોગ્રામ ડાઉનલોડ કરવા માટે અહીં ક્લિક કરો. જો આપને કંઇ પ્રશ્ન હોય તો વિશાલ મોણપરા નો સંપર્ક કરવા વિનંતી.

આ ઉપરાંત, બીજો એક પ્રોગ્રામ પણ તૈયાર કરેલ છે કે જેમાં તમે તમને ગમતાં શબ્દો મુકીને આપની રીતે જ ગુજરાતી શબ્દ સ્પર્ધા યોજી શકો છો. આ પ્રોગ્રામ ડાઉનલોડ કરવા માટે અહીં ક્લિક કરો.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સમયના સોપાન - પ્રદીપ બ્રહ્મભટ્ટ

લીલી વાડી જોઇ લેતા,સૌ સગા વ્હાલા છે હરખાય
પ્રેમની પોટલી પામી લેતા,આ ઉજ્વળ જીવનથાય.
.........લીલી વાડી જોઇ લેતા.
જન્મ મળતા જીવને,મા બાપના પ્રેમની વર્ષા થાય
ઘોડીયાની દોરી હલાવતા,માતાનીમાયા વળગીજાય
બાળપણમાં આનંદ પામીને,વ્હાલ સૌનું મેળવીજાય
જીંદગીના પ્રથમસોપાને,બાળકને આશીશમળી જાય.
........લીલી વાડી જોઇ લેતા.
ડગલું માંડી જ્યાં ચાલતા,બાળક પગલું માંડતુ થાય
એક બે પાંચ ચાલતાં,આંગળીનો ટેકો હવે છુટી જાય
ભણતરનીકેડીને પકડતાં,તેનું ભાવિ ઉજ્વળછે દેખાય
બીજા જીવનના સોપાનથીજ, જીવન પણ મહેંકી જાય.
.........લીલી વાડી જોઇ લેતા.
મોહ માયાના બંધન છોડી,જ્યાં પકડી જીવનની કેડી
સાથ અને સહકારનીકેડીએ,માબાપનોપ્રેમ આવીજાય
જુવાનીના સોપાનમાં હવે,મળે લગ્ન જીવનની જોડી
જીવનાબંધન એ કર્મનુલેણુ,જન્મે ભાગીદારથઇઆવે.
.........લીલી વાડી જોઇ લેતા.
ઉંમરના આગમનમાં,સમજી વિચારી જીવનજીવી રહે
મન મહેનતના ફળ રુપે,કુદરત જીવ પર નજર કરે
શ્રધ્ધા રાખી મક્કમ મને,ગૃહ સંસારને વળગી ચાલે
ભક્તિના સોપાનનો સમય,જે અંતે પાવન જન્મ કરે.
..........લીલી વાડી જોઇ લેતા.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# કમ્પ્યુટર– પ્રવિણા કડકીયા



કમ્પ્યુટર ને સ્ત્રીલિંગ કહેવુ કે પુલિંગ. શામાટે દિમાગ ને કસરત કરાવવી. ચાલોને નાન્યતર જાતિમાં મુકી દઈએ. જેથી કોઈને પણ નારાજ થવાની તક ન સાંપડે. આમ પણ જીંદગીમા સમયનો અભાવ હોય છે. તેમાં વળી જો સરખામણી કરવાની અને કોઈને ટાચકા લાગી જાય. ભાઈ, કજીયાનું મ્હોં કાળું. ચલાવવાની કળા જો ન જાણતા હોઇએ તો તેની નજીક સરવામાં પણ ભય છે. બાકી સ્ત્રી યા પુરૂષને ચલાવવાની કળા એકબીજાને વરેલી હોય છે. જો કે સ્ત્રી આ બાબતમા પુરૂષને ટપી જાય તેમા બે મત નથી. પુરૂષને સગવડિયા કાન હોય છે. તેથી તો તેને એક વાત બે વાર કહેવી પડે છે. જ્યારે સ્ત્રી હવામાંથી અડધા શબ્દો પકડી આખી વાતનો તંતુ જોડી કાઢી શકે છે. બાકી કમ્પ્યુટરની કમાલ તો કાંઈ જુદી જ છે. તેને તો ચલાવનારની આવડત પર આધાર રખવાનો હોય છે જો તમે કાગળ લખ્યો હોય પ્રેમિકાને ( ઈ મેઈલ) અને 'ટુ' ના ખાનામા પત્નીનું સરનામું લખ્યું હોય તો શું બની શકે એની કલ્પના કરી જોજો.

કહેવાય છે કમ્પ્યુટરમા જે પ્રમાણે લખ્યું હોય તે પ્રમાણે કામ આપે. ( Garbage in garbage out) . જ્યારે સ્ત્રીની બાબતમા સંપૂર્ણ અલગ કિસ્સો છે. ખબર નહી કંઈક એવું અંદર જાય અને નવ મહિના પછી કુદરતના ચમત્કાર સમુ સુંદર કિલકિલાટ કરતું બાળક ગોદમા આવે. જ્યારે પુરૂષના દિમાગમા ખોટી યા ખરી વાત ઘુસે ત્યારે શંકાના બીજ, વૃક્ષ બની ફાલે અને ઘમસાણ મચાવે. જો કે પુરૂષ ગુસ્સે ઓછો થાય પણ થાય ત્યારે વાંદરાને દારૂ પાયો હોય તેવી હાલત થાય. કમ્પ્યુટરમા 'Delete' કરતા વાર ન લાગે. સ્ત્રીના મગજમા તે ચાંપ મૂકવાનું ભગવાન ભૂલી ગયો છે. જ્યારે પુરુષને તો સંઘર્યું હોય તો 'Delete' કરવાનું હોય ને? પહેલાના જમાનામાં લખતાં વાંચતા ન આવડે તેને અભણ કહેવાતા. ૨૧મી સદીમા જેને કમ્પુટર ન આવડે તે અભણ કહેવાય. જો કે તેના આગમનથી માણસ પછીતે સ્ત્રી હોય કે પુરૂષ દિમાગ ચલાવવાનું ભુલી ગયો છે. હાલ કેવા થાય જો કમ્પ્યુટર ચાલતા નહોય ત્યારે. બધું ઠપ. યાદ કરો ૧૯૯૯ની ડિસેમ્બરની ૩૧મી તારિખ. આખી દુનિયા હલબલી ગઈ હતી. આવી ગજબની તાકાત એમા છે જેની જાતિ અણજાણ છે. કમ્પ્યુટરની કમાલતો જુઓ. બુધ્ધિ કામ ન કરે. નાના બાળકો ખૂબ સિફતથી તેને ચલાવી શકે છે . મારા તમારા જેવા મોટી ઉંમરના માટે માથાનો દુખાવો છે. જેટલું આવડાતું હોય તેટલાથી ચલાવવાનું.

હવે માથુ દુખે એ પહેલા બંધ કરું. કમ્પ્યુટર દેવાય નમઃ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સમજાવું –સરયુ પરીખ



ચિત્રઃદિલીપ પરીખ

માના આ મનવાને ફરીને બહુ દિનથી બહેલાવું
સર્વબ્રહ્મ છે, સર્વબ્રહ્મ છે, કહી કહીને સમજાવું

સાધક જીવડો તોય ફરી જ્યમ મધમાખી મધુપુંજે
પરિવર્તન ને આવર્તનના વર્તુળે મન ગુંજે

નવમાસ એક અંગ બનાવી ચેતન ઝરે જનેતા
પ્રથમ પ્રાણ પૂર્યાની પીડા આનંદ અશ્રુ કહેતા

અહ્રનિશ ને એકધ્યાન લઈ પારેવા પાલવમાં
આગળપાછળ ઓતપ્રોત એ પોષણ ને પાલનમાં

ના મેલતો ઘડી પણ છેડો, હસીને યાદ કરે છે
ખુશ છે, આજે ઘડી મળે તો માને સંભારે છે

નવીડાળ ને નવાફૂલ, અંહી વ્હાલપ વળ છૂટે ના
સમય તણા સૂનકાર મા સમજે, તોયે કળ વળે ના

મમતાની આ મોહજાળ ચાહે મુક્તિના અજવાળા
નિસ્વાર્થે સંયોગ વિયોગ ને સમતાના સરવાળા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# કહેવતો અને રૂઢિ પ્રયોગો શૈલા મુન્શા

માવજીભાઈ એ જમા કરેલો કહેવતો અને રૂઢિપ્રયોગો નો ભંડાર બારાખડી પ્રમાણે સૌના લાભાર્થે અત્રે રજુ કરું છું

અક્કરમીનો પડીઓ કાંણો
અક્કલ ઉધાર ન મળે
અણીનો ચૂક્યો સો વરસ જીવે
અતિ લોભ તે પાપનું મૂળ
અત્તરનાં છાંટણા જ હોય, અત્તરના કુંડા ન ભરાય
અધૂરો ઘડો છલકાય ઘણો
અન્ન અને દાંતને વેર
અન્ન તેવો ઓડકાર
અવળે અસ્ત્રે મૂંડી નાખવો
અંગૂઠો બતાવવો
અંજળ પાણી ખૂટવા
અંધારામાં તીર ચલાવવું
આકાશ પાતાળ એક કરવા
આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય
આગળ ઉલાળ નહિ ને પાછળ ધરાળ નહિ
આગળ બુદ્ધિ વાણિયા, પાછળ બુદ્ધિ બ્રહ્મ
આજ રોકડા, કાલ ઉધાર
આજની ઘડી અને કાલનો દિ
આદર્યા અધૂરા રહે, હરિ કરે સો હોઈ
આદુ ખાઈને પાછળ પડી જવું
આપ ભલા તો જગ ભલા
આપ મુવા પીછે ડૂબ ગઈ દૂનિયા
આપ મુવા વિના સ્વર્ગે ન જવાય
આપ સમાન બળ નહિ
આફતનું પડીકું
આબરૂના કાંકરા કરવા
આભ ફાટ્યું હોય ત્યાં થીગડું ન દેવાય
આમલી પીપળી બતાવવી
આરંભે શૂરા
આલિયાની ટોપી માલિયાને માથે
આવ પાણા પગ ઉપર પડ
આવ બલા પકડ ગલા
આળસુનો પીર
આંકડે મધ ભાળી જવું
આંખ આડા કાન કરવા
આંગળા ચાટ્યે પેટ ન ભરાય
આંગળી ચિન્ધ્યાનું પુણ્ય
આંગળી દેતાં પહોંચો પકડે
આંગળીથી નખ વેગળા જ રહે
આંગળીના વેઢે ગણાય એટલાં
આંતરડી દૂભવવી
આંધળામાં કાણો રાજા
આંધળી દળે ને કૂતરા ખાય
આંધળે બહેરું કૂટાય
આંધળો ઓકે સોને રોકે
ઈંટનો જવાબ પથ્થર
ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન
ઉડતા પંખીને પાડે તેવો હોંશિયાર
ઉતર્યો અમલદાર કોડીનો
ઉતાવળે આંબા ન પાકે
ઉંઠા ભણાવવા
ઉંદર બિલાડીની રમત
ઉંદરની જેમ ફૂંકી ફંકીને કરડવું
ઊલમાંથી ચૂલમાં પડવા જેવો ઘાટ

ઊંટ મૂકે આંકડો અને બકરી મૂકે કાંકરો
ઊંટની પીઠે તણખલું
ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાંઠા
ઊંડા પાણીમાં ઉતરવું નહિ
ઊંધા રવાડે ચડાવી દેવું
ઊંધી ખોપરી
એક કરતાં બે ભલા
એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાખવું
એક કાંકરે બે પક્ષી મારવા
એક ઘા ને બે કટકા
એક દી મહેમાન, બીજે દી મહી, ત્રીજે દી રહે તેની અક્કલ ગઈ
એક નન્નો સો દુ:ખ હણે
એક નૂર આદમી હજાર નૂર કપડાં
એક પગ દૂધમાં ને એક પગ દહીંમાં
એક ભવમાં બે ભવ કરવા
એક મરણિયો સોને ભારી પડે
એક મ્યાનમાં બે તલવાર ન રહે
એક સાંધે ત્યાં તેર તૂટે
એક હાથે તાળી ન પડે
એકનો બે ન થાય
એના પેટમાં પાપ છે
એનો કોઈ વાળ વાંકો ન કરી શકે
એરણની ચોરી ને સોયનું દાન
એલ-ફેલ બોલવું
ઓછું પાત્ર ને અદકું ભણ્યો
ઓળખીતો સિપાઈ બે દંડા વધુ મારે
કજિયાનું મોં કાળું
કમળો હોય તેને પીળું દેખાય
કમાઉ દીકરો સૌને વહાલો લાગે
કરમ કોડીના અને લખણ લખેશરીના
કરો કંકુના
કરો તેવું પામો, વાવો તેવું લણો
કર્માની જીભ, અકર્માના ટોટાયા
કાકા મટીને ભત્રીજા ન થવાય
કાખમાં છોકરું ને ગામમાં ઢંઢેરો
કાગડા બધે ય કાળા હોય
કાગડો દહીંથરું લઈ ગયો
કાગના ડોળે રાહ જોવી
કાગનું બેસવું ને ડાળનું પડવું
કાગનો વાઘ કરવો
કાચા કાનનો માણસ
કાચું કાપવું
કાન છે કે કોડિયું?
કાન પકડવા
કાન ભંભેરવા/કાનમાં ઝેર રેડવું
કાનનાં કીડા ખરી પડે તેવી ગાળ
કાનાફૂંસી કરવી
કાપો તો લોહી ન નીકળે તેવી સ્થિતિ
કામ કામને શિખવે
કામના ફૂડા ને વાતોના રૂડા
કારતક મહિને કણબી ડાહ્યો
કાળા અક્ષર ભેંશ બરાબર
કાંચિડાની જેમ રંગ બદલવા
કાંટો કાંટાને કાઢે
કીડી પર કટક
કીડીને કણ અને હાથીને મણ
કીધે કુંભાર ગધેડે ન ચડે
કુકડો બોલે તો જ સવાર પડે એવું ન હોય
કુલડીમાં ગોળ ભાંગવો
કુંન્ડુ કથરોટને હસે
કુંભાર કરતાં ગધેડા ડાહ્યાં
કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી જ રહે
કૂતરાનો સંઘ કાશીએ ન પહોંચે
કૂતરું કાઢતા બિલાડું પેઠું
કૂવામાં હોય તો અવેડામાં આવે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

કેટલી વીસે સો થાય તેની ખબર પડવી
કેસરિયા કરવા
કોઈની સાડીબાર ન રાખે
કોઠી ધોઈને કાદવ કાઢવો
કોણીએ ગોળ ચોપડવો
કોથળામાં પાનશેરી રાખીને મારવો
કોથળામાંથી બિલાડું કાઢવું
કોના બાપની દિવાળી
કોની માંએ સવા શેર સૂંઠ ખાધી છે
કોલસાની દલાલીમાં કાળા હાથ
ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી?
ખણખોદ કરવી
ખંગ વાળી દેવો
ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે
ખાટલે મોટી ખોટ કે પાયો જ ન મળે
ખાડો ખોદે તે પડે
ખાતર ઉપર દીવો
ખાલી ચણો વાગે ઘણો
ખાળે ડૂચા અને દરવાજા મોકળા
ખિસ્સા ખાલી ને ભભકો ભારી
ખીલાના જોરે વાછરડું કૂદે
ખેલ ખતમ, પૈસા હજમ
ખેંચ તાણ મુઝે જોર આતા હૈ
ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ
ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર
ગઈ તિથિ જોશી પણ ન વાંચે
ગગા મોટો થા પછી પરણાવશું
ગતકડાં કાઢવા
ગધેડા ઉપર અંબાડી
ગધેડાને તાવ આવે તેવી વાત
ગરજ સરી એટલે વૈદ વેરી
ગરજવાનને અક્કલ ન હોય
ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે
ગંજીનો કૂતરો, ન ખાય ન ખાવા દે
ગાજરની પીપૂડી વાગે ત્યાં સુધી વગાડવાની ને પછી ખાઈ જવાની
ગાજ્યા મેઘ વરસે નહિ ને ભસ્યા કૂતરા કરડે નહિ
ગાડા નીચે કૂતરું
ગાડી પાટે ચડાવી દેવી
ગાભા કાઢી નાખવા
ગામ હોય ત્યાં ઉકરડો પણ હોય
ગામના મહેલ જોઈ આપણાં ઝૂંપડાં તોડી ન નખાય
ગામના મોંએ ગરણું ન બંધાય
ગાય દોહી કૂતરાને પાવું
ગાંઠના ગોપીચંદન
ગાંડા સાથે ગામ જવું ને ભૂતની કરવી ભાઈબંધી
ગાંડાના ગામ ન વસે
ગાંડી માથે બેડું
ગાંડી સાસરે ન જાય અને ડાહીને શિખામણ આપે
ગાંધી-વૈદનું સહીયારું
ગેંગે-ફેંફે થઈ જવું
ગોળ ખાધા વેંત જુલાબ ન લાગે
ગોળ નાખો એટલું ગળ્યું લાગે
ગોળથી મરતો હોય તો ઝેર શું કામ પાવું?
ગ્રહણ ટાણે સાપ નીકળવો
ઘડો-લાડવો કરી નાખવો
ઘર ફૂટે ઘર જાય
ઘર બાળીને તીરથ ન કરાય
ઘરડા ગાડા વાળે
ઘરડી ઘોડી લાલ લગામ
ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો
ઘરની દાઝી વનમાં ગઈ તો વનમાં લાગી આગ
ઘરની ધોરાજી ચલાવવી
ઘરમાં હાંડલા કુસ્તી કરે તેવી હાલત
ઘરે ધોળો હાથી બાંધવો

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

ઘાણીનો બળદ ગમે તેટલું ચાલે પણ રહે જ્યાં હતો ત્યાં જ

ઘી ઢોળાયું તો ખીચડીમાં

ઘી-કેળાં થઈ જવા

ઘીના ઠામમાં ઘી પડી રહ્યું

ઘેર ઘેર માટીના ચૂલા

ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય

ઘોડે ચડીને આવવું

ઘોરખોદિયો

ઘોંસ પરોણો કરવો

ચકીબાઈ નાહી રહ્યાં

ચડાઉ ધનેડું

ચપટી ધૂળની ય જરૂર પડે

ચપટી મીઠાની તાણ

ચમડી તૂટે પણ દમડી ન છૂટે

ચમત્કાર વિના નમસ્કાર નહિ

ચલક ચલાણું ઓલે ઘેર ભાણું

ચાદર જોઈને પગ પહોળા કરાય

ચાર મળે ચોટલા તો ભાંગે કૈંકના ઓટલા

ચાલતી ગાડીએ ચડી બેસવું

ચીભડાના ચોરને ફાંસીની સજા

ચીંથરે વીંટાળેલું રતન

ચેતતા નર સદા સુખી

ચોર કોટવાલને દંડે

ચોર પણ ચાર ઘર છોડે

ચોરની દાઢીમાં તણખલું

ચોરની માં કોઠીમાં મોં ઘાલીને રૂએ

ચોરની માંને ભાંડ પરણે

ચોરની વાદે ચણા ઉપાડવા જવું

ચોરને કહે ચોરી કરજે અને સિપાઈને કહે જાગતો રહેજે

ચોરને ઘેર ચોર પરોણો

ચોરનો ભાઈ ઘંટીચોર

ચોરી પર શીનાજોરી

ચોળીને ચીકણું કરવું

ચૌદમું રતન ચખાડવું

છકી જવું

છક્કડ ખાઈ જવું

છછૂંદરવેડા કરવા

છઠ્ઠીનું ધાવણ યાદ આવી જવું

છાગનપતિયાં કરવા

છાજિયા લેવા

છાતી પર મગ દળવા

છાપરે ચડાવી દેવો

છાશ લેવા જવી અને દોણી સંતાડવી

છાશમાં માખણ જાય અને વહુ ફુવડ કહેવાય

છાસિયું કરવું

છિનાળું કરવું

છીંડે ચડ્યો તે ચોર

છોકરાંને છાશ ભેગા કરવા

છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય

જણનારીમાં જોર ન હોય તો સૂયાણી શું કરે ?

જનોઈવઢ ઘા

જમણમાં લાડુ અને સગપણમાં સાઢુ

જમવામાં જગલો અને કૂટવામાં ભગલો

જમાઈ એટલે દશમો ગ્રહ

જર, જમીન ને જોરું, એ ત્રણ કજિયાના છોરું

જશને બદલે જોડા

જંગ જીત્યો રે મારો કાણિયો, વહુ ચલે તબ જાણિયો

જા બિલાડી મોભામોભ

જા બિલ્લી કૂત્તે કો માર

જાગ્યા ત્યાંથી સવાર

જાડો નર જોઈને સુળીએ ચડાવવો

જાતે પગ પર કુહાડો મારવો

જીભ આપવી

જીભ કચરવી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

જીભમાં હાડકું ન હોય, તે આમ પણ વળે અને તેમ પણ વળે
જીવતા જગતીયું કરવું
જીવતો નર ભદ્રા પામે
જીવવું થોડું ને જંજાળ ઝાઝી
જીવો અને જીવવા દો
જીવ્યા કરતાં જોયું ભલું
જે ચડે તે પડે
જે જન્મ્યું તે જાય
જે નમે તે સૌને ગમે
જે ફરે તે ચરે
જે વાર્યા ન વરે તે હાર્યા વરે
જેસલ હટે જવભર ને તોરલ હટે તલભર
જેટલા મોં તેટલી વાતો
જેટલો ગોળ નાખો તેટલું ગળ્યું લાગે
જેટલો બહાર છે તેથી વધુ ભોંયમાં છે
જેના લગન હોય તેના જ ગીત ગવાય
જેના હાથમાં તેના મોંમા
જેની લાઠી તેની ભેંસ
જેનું ખાય તેનું ખોદે
જેનું નામ તેનો નાશ
જેને કોઈ ન પહોંચે તેને પેટ પહોંચે
જેને રામ રાખે તેને કોણ ચાખે
જેનો આગેવાન આંધળો તેનું કટક કૂવામાં
જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી
જેવા સાથે તેવા
જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ
જેવી સોબત તેવી અસર
જેવું કામ તેવા દામ
જેવો ગોળ વિનાનો કંસાર એવો મા વિનાનો સંસાર
જેવો દેશ તેવો વેશ
જેવો સંગ તેવો રંગ
જોશીના પાટલે અને વૈદના ખાટલે

જ્યાં ગોળ હોય ત્યાં માખી બમણતી આવે જ
જ્યાં ચાહ ત્યાં રાહ
જ્યાં સંપ ત્યાં જંપ
જ્યાં સુધી શ્વાસ ત્યાં સુધી આશ
ઝાઝા રસોઈયા રસોઈ બગાડે
ઝાઝા હાથ રળિયામણા
ઝાઝા હાંડલા ભેગા થાય તો ખખડે પણ ખરા
ઝાઝી કીડી સાપને ખાઈ જાય
ઝાઝી સૂયાણી વિયાંતર બગાડે
ઝેરના પારખા ન હોય
ટકાની ડોશી અને ઢબુનું મૂંડામણ
ટાઢા પહોરની તોપ ફોડવી
ટાઢા પાણીએ ખસ ગઈ
ટાલિયા નર કો'ક નિર્ધન
ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય
ટોપી ફેરવી નાખવી
ઠોઠ નિશાળિયાને વૈતરણા ઝાઝા
ડહાપણની દાઢ ઉગવી
ડાબા હાથની વાત જમણાને ખબર ન પડે
ડાહીબાઈને બોલાવો ને ખીરમાં મીઠું નખાવો
ડાંગે માર્યા પાણી જુદા ન પડે
ડુંગર દૂરથી રળિયામણા
ડૂબતો માણસ તરણું પકડે
ડોશી મરે તેનો ભો નથી, જમ ઘર ભાળી જાય તેનો વાંધો છે
ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મર
તમાચો મારી ગાલ લાલ રાખવો
તલમાં તેલ નથી
તલવારની ધાર ઉપર ચાલવું
તારા જેવા તાંબિયાના તેર મળે છે
તારા બાપનું કપાળ
તારી અક્કલ ક્યાં ઘાસ ચરવા ગઈ હતી?
તારું મારું સહીયારું ને મારું મારા બાપનું

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

તાલમેલ ને તાશેરો
તાંબિયાની તોલડી તેર વાના માંગે
તીરથે જઈએ તો મૂંડાવું તો પડે જ
તીસમારખાં
તુંબડીમાં કાંકરા
તેજીને ટકોરો, ગધેડાને ડફણાં
તેલ જુઓ તેલની ધાર જુઓ
તેલ પાઈને એરંડિયું કાઢવું
તોબા પોકારવી
તોળી તોળીને બોલવું
ત્રણ સાથે જાય તો થાય ત્રેખડ ને માથે પડે ભેખડ
ત્રેવડ ત્રીજો ભાઈ છે
થાબડભાણા કરવા
થાય તેવા થઈએ ને ગામ વચ્ચે રહીએ
થૂંકના સાંધા કેટલા ટકે?
થૂંકેલું પાછું ગળવું
દયા ડાકણને ખાય
દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે
દળી, દળીને ઢાંકણીમાં
દશેરાના દિવસે જ ઘોડુ ન દોડે
દાઝ્યા પર ડામ
દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી
દાણો દબાવી જોવો
દાધારિંગો
દાનત ખોરા ટોપરા જેવી
દામ કરે કામ અને બીબી કરે સલામ
દાળમાં કાળું
દાંત કાઢવા
દાંત ખાટા કરી નાખવા
દાંતે તરણું પકડવું
દિ ભરાઈ ગયા છે
દિવાલને પણ કાન હોય
દીકરી એટલે સાપનો ભારો

દીકરી ને ગાય, દોરે ત્યાં જાય
દીવા તળે અંધારું
દુ:ખતી રગ દબાવવી
દુ:ખનું ઓસડ દહાડા
દુ:ખે છે પેટ અને કૂટે છે માથું
દુકાળમાં અધિક માસ
દૂઝતી ગાયની લાત ભલી
દૂધ પાઈને સાપ ઉછેરવો
દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખવું
દૂધનો દાઝેલો છાસ પણ ફૂંકી ફૂંકીને પીએ
દે દામોદર દાળમાં પાણી
દેખવું નહિ અને દાઝવું નહિ
દેવ દેવલા સમાતા ન હોય ત્યાં પૂજારાને ક્યાં બેસાડવા
દોડવું હતું ને ઢાળ મળ્યો
દોરડી બળે પણ વળ ન છૂટે
દ્રાક્ષ ખાટી છે
ધકેલ પંચા દોઢસો
ધણીની નજર એક, ચોરની નજર ચાર
ધનોત-પનોત કાઢી નાખવું
ધરતીનો છેડો ઘર
ધરમ કરતાં ધાડ પડી
ધરમ ધક્કો
ધરમના કામમાં ઢીલ ન હોય
ધરમની ગાયના દાંત ન જોવાય
ધાર્યું ધણીનું થાય
ધીરજના ફળ મીઠા હોય
ધોકે નાર પાંસરી
ધોબીનો કૂતરો, નહિ ઘરનો નહિ ઘાટનો
ધોયેલ મુળા જેવો
ધોળા દિવસે તારા દેખાવા
ધોળામાં ધૂળ પડી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

ધોળિયા સાથે કાળિયો રહે, વાન ન આવે, સાન તો આવે
ન ત્રણમાં, ન તેરમાં, ન છપ્પનના મેળમાં
ન બોલ્યામાં નવ ગુણ
ન મળી નારી એટલે સહેજે બાવા બ્રહ્મચારી
ન મામા કરતા કહેણો મામો સારો
નકલમાં અક્કલ ન હોય
નગારખાનામાં પીપૂડીનો અવાજ ક્યાંથી સંભળાય?
નદીના મૂળ અને ઋષિના કુળ ન શોધાય
નબળો ધણી બૈરી પર શૂરો
નમાજ પડતા મસીદ કોટે વળગી
નરમ ઘેંશ જેવો
નવ ગજના નમસ્કાર
નવરો ધૂપ
નવરો બેઠો નખ્ખોદ કાઢે
નવાણિયો કૂટાઈ ગયો
નવાણુંનો ધક્કો લાગવો
નવી વહુ નવ દહાડા
નવે નાકે દિવાળી
નવો મુલ્લો બાંગ વધુ પોકારે
નસીબ અવળા હોય તો ભોંયમાંથી ભાલા ઊભા થાય
નસીબ બેઠેલાનું બેઠું રહે, દોડતાનું દોડતું રહે
નસીબનો બળિયો
નાક કપાઈ જવું
નાક કપાવી અપશુકન ન કરાવાય
નાકે છી ગંધાતી નથી
નાગાને નાવું શું અને નીચોવવું શું ?
નાચવું ન હોય તો આંગણું વાંકુ
નાણા વગરનો નાથીયો, નાણે નાથાલાલ
નાતનો માલ નાત જમે, મુસાભાઈના વા ને પાણી
નાના મોઢે મોટી વાત
નાનો પણ રાઈનો દાણો
નીર-ક્ષીર વિવેક

નેવાના પાણી મોભે ના ચડે
પઈની પેદાશ નહિ ને ઘડીની ફુરસદ નહિ
પડી પટોડે ભાત, ફાટે પણ ફીટે નહિ
પડ્યા પર પાટું
પડ્યો પોદળો ધૂળ ઉપાડે
પઢાવેલો પોપટ
પત્તર ખાંડવી
પથ્થર ઉપર પાણી
પરણ્યા નથી પણ પાટલે તો બેઠા છો ને?
પવન પ્રમાણે સઢ ફેરવવો
પહેલું સુખ તે જાતે નર્યા
પહેલો ઘા પરમેશ્વરનો
પંચ કહે તે પરમેશ્વર
પાકા ઘડે કાંઠા ન ચડે
પાઘડી ફેરવી નાખવી
પાઘડીનો વળ છેડે
પાણી પહેલા પાળ બાંધી લેવી સારી
પાણી પાણી કરી નાખવું
પાણી ફેરવવું
પાણીમાં બેસી જવું
પાણીમાં રહીને મગર સાથે વેર ન બંધાય
પાણીમાંથી પોરા કાઢવા
પાનો ચડાવવો
પાપ છાપરે ચડીને પોકારે
પાપડી ભેગી ઈયળ બફાય
પાપી પેટનો સવાલ છે
પારકા કજિયા ઉછીના ન લેવાય
પારકી આશ સદા નિરાશ
પારકી છઠ્ઠીનો જાગતલ
પારકી મા જ કાન વિંધે
પારકી લેખણ, પારકી શાહી, મત્તું મારે માવજીભાઈ
પારકે પૈસે દિવાળી
પારકે ભાણે લાડુ મોટો દેખાય

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

પાશેરામાં પહેલી પુણી છે
પાંચમની છઠ ક્યારે ન થાય
પાંચમાં પૂછાય તેવો
પાંચે ય આંગળી ઘીમાં
પાંચે ય આંગળી સરખી ન હોય
પાંચે ય આંગળીએ દેવ પૂજવા
પિયરની પાલખી કરતાં સાસરિયાની સૂળી સારી
પીઠ પાછળ ઘા
પીળું તેટલું સોનું નહિ, ઊજળું તેટલું દૂધ નહિ
પુત્રના લક્ષણ પારણામાંથી ને વહુના લક્ષણ બારણામાંથી
પેટ કરાવે વેઠ
પેટ ચોળીને શૂળ ઊભું ન કરાય
પેટ છે કે પાતાળ ?
પેટનો બળ્યો ગામ બાળે
પેટિયું રળી લેવું
પેટે પાટા બાંધવા
પૈસા તો ડાબા હાથનો મેલ છે
પોચું ભાળી જવું
પોતાની ગલીમાં કુતરો પણ સિંહ
પોતાનો કક્કો જ ખરો કરવો
પોથી માંહેના રીંગણા
પોદળામાં સાંઠો
પોપટીયું જ્ઞાન
પોપાબાઈનું રાજ

# “શબ્દોને પાલવડે” ની દિવ્યભાસ્કરે લીધી નોંધ-વિજય શાહ

દેવિકાબેન ધ્રુવનાં પ્રથમ સર્જન ” શબ્દોને પાલવડે”ની લેવાયેલી નોંધ.

શત શત અભિનંદનો


દેવિકાબેન્ને સાંપડેલો વિશદ આવકાર ગુજરાતી સાહિત્યકારોના ચિત્રો

http://www2.snapfish.com/share/p=494271261969173408/l=5561110013/g=86167913/otsc=SYE/otsi=SALB

દેવિકાબેનના કાવ્યોનો આસ્વાદ આપ નીચે આપેલ વિડિયો લીંક દ્વારા માણી શકશો.

http://www.youtube.com/watch?v=HCa1AJ0gesI
http://www.youtube.com/watch?v=97jRzPGnULs
http://www.youtube.com/watch?v=b3WqiMXHDbM
http://www.youtube.com/watch?v=mVsRT7D5oww
http://www.youtube.com/watch?v=Pn6UjJ0WUIc
http://www.youtube.com/user/gurjarvani#p/a/u/0/Rbly_VHCqC0
http://www.youtube.com/watch?v=ih8zmtJZNuc

# “શબ્દોને પાલવડે” ને મળતા શુભાશિષ







“શબ્દોને પાલવડે” ને મળતા શુભાશિષ- ગુજરાત વિદ્યાપીઠનાં ચાન્સેલર શ્રી નારાયણ દેસાઇ



# ઘટના-ડો ઇન્દુ શાહ



ઘટના તો આવે ને જાય
કોઇના મન આનંદિત થાય
તો કોઇના મન થાય વ્યથિત
ઘટના તો ઘટના જ રહી.
કોઇ દ્વારે લગ્નની શરણાઇ વાગી
યુગલ જઇ રહ્યુ સંસાર યાત્રા પ્રારંભે
તો કોઇ દ્વારેથી ઉઠી નનામી
ડાઘુ પોંહ્ચાડી રહ્યા અંતિમ યાત્રાએ
ઘટના તો ઘટના જ રહી.
કોઇ સ્થળૅ થય રહ્યા બૉંબ ભડાકા
કોઇ સ્થળૅ આતશબાજીના ધડાકા
કોઇ સ્થળૅ ચિતા ભડભડ બળૅ
તો કોઇ સ્થળૅ દિવાળી ઝગમગે
ઘટના તો ઘટના જ રહી.
ઘટના તુ ક્ષણૅ ક્ષણે બદલતી રહે
સાથે મન ચંચળ યાત્રા કરતુ રહે
પળમા પહોંચે કાશ્મીરની સીમાએ
તો પળમા પહોંચે અફ્ઘાનિસ્તાન ઇરાકે
ઘટના તો ઘટના જ રહી.
રે મન તુ કરે પણ શું?

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

વ્યથિત થાય કે આનંદિત!
ઘટના ન બદલી શકે
ઘટના તો ઘટના જ રહી

## "ભાવિનું ચિત્ર."- ગીરીશ દેસાઇ

ભૂત સમો ન ગુરુ કોઇ,
વર્તમાન સમ ન કોઇ મિત્ર
આ બેઉના સહકાર થી જ
સર્જાય છે ભાવિનું ચિત્ર.

## કેવો કૃપાળુ છે ભગવાન ! ગીરીશ દેસાઇ

મંદ મંદ વાતો પેલો વાયુ
આવી જયારે સ્પર્શે મારો વાન.
કે સુવાસ કોઇ પુષ્પ કેરી
આવી જયારે છંછેડે છે ઘ્રાણ.
વળી આલ્હાદક કોઇ સ્વર
આવી જયારે ગુંજે મારે કાન.
કે નીરખે જયારે નેત્રો મારા
મનમોહક સુંદર સ્થાન.
ત્યારે આવે વિચાર મનમાં
કે કેવો કૃપાળુ છે ભગવાન !

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ઢળી મૂછો, પડ્યા લીંબુ ! –'મનુજ' હ્યુસ્તોનવી

કહું છું હું તને એવી જગાએ આવવા માટે.
કરીએ આપ-લે દિલની જિવનને જીવવા માટે.
ધુમાડો ફેફસાંમાં ખાંસતા ઠાંસી ભલે દીધો,
ઠસો ઠસ ભીડ ઉમટી છે, મના ફરમવવા માટે.
તમોને એમ છે જાણે તમે ઘરમાં સલામત છો,
ઉઘાડો દ્વારને નિકળો ઘડી ભર ભટકવા માટે.
વતન આવ્યો જ છું, બસ, મરણ પણ વતનમાં જ મળે,
મુઠી ભર ધૂળ આ માથે ભરું દફનાવવા માટે.
કરીએ શું જઈ એવી જગાએ ભીડમાં, કે જ્યાં-
મળે સહુ પોતપોતાની કથા બિરદાવવા માટે.
ખુદા મારો જ સાચો છે કહેનારા બહેરુપિયા,
ધરમના નામ પર નિકળી પડે વટલાવવા માટે.
શુકન કહિશું, કમોસમના વરસતા માવઠાને, કે-
વિધાતાના સિતમ, છતમાં સુરાખો આપવા માટે ?
સમયના ગરભમાં એવો દટાયો છું,અય,હમસફર!
કરું કોશિશ ચિરીને પેટ બા'ર કઢાવવા માટે.
કરે નિંદર બહારવટું, ઢળી મૂછો, પડ્યાં લીંબુ,
ઉઠાવો કલમ 'મનુજ' સૂતું જહાન જગાડવા માટે.

૦૩/૨૧/૨૦૦૮

છંદ-હઝજ (લ ગા ગા ગા= ૧+૨+૨+૨)
૭ માત્રા ના ચાર આવર્તનો, ૨૮ માત્રા પ્રત્યેક પંક્તિમાં.
પ્રત્યેક શેરમાં, ૫૬ માત્રાઓ કુલ હોય છે.
– 'મનુજ' હ્યુસ્તોનવી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.